જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૩૦૧૮/૧૪**

## રામરાજ્ય નગર ચાર રસ્તા પાસેથી તમંચા સાથે એક આરોપીને ઝડપી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સયુકત પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં હથિયાર સાથે રાખી શરીર સબંધી તથા મિલકત સંબંધી બનતાં ગુન્હાઓને શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી. પી. રોજીયા સ્કોડના પોસઇશ્રી એસ.બી.ઝાલા તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે અમદાવાદ અમરાઇવાડી રામ રાજયનગર ચાર રસ્તા પાસે રોડ પર જાહેરમાં આરોપી કોશલેન્દ્રસિહ વીરસિહ જાતે રાજાવત ઉ.વ.૨૦ રહે, ૧, સોમનાથ સોસાયટી આર.ટી.ઓ. રોડ રામોલ અમદાવાદ શહેર મુળ ગામઃ- એડોરી તા. ગોહ્ત જી. ભીન્ડ (એમ.પી.) નાને પકડી તેની પાસેથી દેશી બનાવટનાં તમંચો નંગ-૧ સાથે રાખી મળી આવતાં તા.૧૦/૧૨/૨૦૧૪ ના કલાક ૧૭/૧૫ વાગે પકડી અટક કરવામાં આવેલ.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં પોતે ત્રણ મહીનાથી ઓટોરીક્ષા ચલાવે છે. અને અમદાવાદશહેરમા છેલ્લા સાત વર્ષથી રહે છે. અને પોતાને પૈસાની જરુર હોય પોતાના વતનમા લગ્નમા ગયેલ તે વખતે આજથી આઠેક માસ ઉદેસિહ તોમર રહે, ગામઃ-બગદાસા તા. ગોહ્ત જી. ભીન્ડ (એમ.પી.) નાની પાસેથી એક તમંચો ખરીદ કરેલાનું જણાવેલ. આ પકડયેલ હથીયાર્નો ઉપયોગ લુંટ ફાટ કે ધાડના બનેલ ગુન્હામા ઉપયોગ થયેલ છે કે કેમ ? તે દિશા ક્રાઇમ બ્રાન્ચ જીણવટભરી રીતે તપાસ હાથ ધરેલ છે.

## આજીવન કૈદની સજા ભોગવી રહેલ અને પેરોલ જમ્પ કરી છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા ફરારી કૈદીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદશહેર ક્રાઇમબ્રાન્ચના જેસીપીશ્રી તથા ડીસીપીશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓએ અમદાવાદશહેરમા બનેલ ચોરી લુટફાટના તથા ખુનના વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તથા આવા ગુના અટકાવવા તથા નાસતા ફરતા પેરોલ જમ્પ આરોપીઓને પકડવા સારુ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.પી.રોજીયા સાહેબના સ્કોડના પોસઇશ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફના માણસો સાથે મળેલ બાતમી હકીકત આધારે અમરાઇવાડી હાટકેશ્ર્વર સર્કલ પાસેથી આરોપી મુકેશ બાબુલાલ જાતે પરમાર ઉવ.૩૭ ધધો.સુથારી કામ રહે.ઇશ્ર્વર ભુવાજીની ચાલી નુતન સ્કુલની સામે ભાઇપુરા

અમદાવાદશહેર મુળ વતન ગામ વાલમ તા.વિસનગર જી.મહેસાણા તા.૧૦.૧૨.૨૦૧૪ ના કલાક ૧૬.૩૦ વાગે ડીટેન કરવામા આવેલ છે.

આ કામે આરોપીની વધુ પુછપરછ કરતા કરતા સને ૨૦૧૦ ની સાલમા ઇશ્વર ભુવાજીની ચાલીમા રહેતો પંકજ રણછોડભાઇ પુરબીયા સાથે પતંગ ચગાવવા બાબતે ઝગડો થતા પોતે તથા પોતાનો મિત્ર આનંદ નગીનભાઇ વાઘેલા પંકજને સમજાવવા ગયેલ પરંતુ તે ઉશ્કેરાય ગયેલ અને તેના પક્ષમા તેની ચાલીમા રહેતા માણસો આવી ગયેલ અને મારામારી થતા આનંદ તેની સાથે લાવેલ રામપુરી ચપ્પુ વડે પકંજ ને ચાર ઘા મારી દેતા લોહી મરણ ગયેલ અને અમરાઇવાડી પોલીસ સ્ટેશનમા પકડવામા આવેલ અને બન્ને વિરુધ્ધમા સેસન્સ કોર્ટમા કેશ ચાલી જતા અને સને ૨૦૧૧ મા બન્ને ને આજીવન કેદની સજા પડેલ તે દરમ્યાન તા.૨૧.૧૧.૨૦૧૩ નારોજ ૧૫ દીવસની પેરોલ રજા ઉપર છુટો થયેલ.અને પેરોલ રજા ૧૫ દિવસ પુરા થયા બાદ હાજર થવાનુ હતુ પરંતુ પોતે હાજર થયેલ નહી અને પેરોલ રજા ઉપર ફરારી હોવાનુ જણાવેલ.અને આ બાબતે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરન.૧૪/૨૦૧૦ ઇપીકો કલમ ૩૦૨ વિગેરે મુજબના ગુનાના કામે આજીવનની સજાની સુનાવણી થતા સાબરમતી જેલ ખાતે કૈદી નં.૧૩૯૫૬ સજા ભોગવી રહેલ અને પેરોલ જમ્પ કર્યા બાદ ડીટેન કરવામા આવેલ છે.અને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આરોપીને સોપવા તજવીજ કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.